સાવચેતી અનિવાર્ય પણ...

કોરોના ભયથી મુક્ત રહેવુ એ જ સૌથી મોટુ નિવારણ : ડો દિનેશ પંડયા

સમયસર સારવાર કરવાથી સો ટકા દર્દી સાજા થાય : આર્યુવેદિક દવાઓ અસરકારક : સુંઠ, હળદર, મીંઠુ અને ગરમ પાણી અને દેશી ગાયના વલોણાનુ ઘી સહિતના ઘરેલુ ઉપચાર પણ કોરોના વાયરસને ડિપોઝીટ થવા નહી દે : આર્યુવેદિક દવાના પરિણામ અસરકારક પુરવાર થઇ રહ્યા છે : ડો દિનેશ પંડયા

ગાંધીનગર તા ૨૮

મહામારીના આ કપરા કાળમાં કોરોનાના ભયથી મુક્ત રહેવુ એ જ સૌથી મોટુ નિવારણ છે. નાગરિકો હાલ કોરોનાના કહેરથી ભયભીત બની ગયા છે. પરંતુ કોરોનાને ભયથી નહીં નિર્ભય બનીને હાર આપવાની છે. કોરોનામાં નાગરિકો સરકારની ગાઇડલાઇનનુ પાલન કરી સાવધાની દાખવે તો સમયસર સારવાર મેળવી સો ટકા બિમારીને માત કરી શકે છે તેમાં કોઇ ગભરાવાની જરૂર નથી. કોરોના છે તો છે ત્યારે નિયમોનુ પાલન કરીને કોઇપણ પ્રકારના ભય વગર નોર્મલ જીવન જીવવાનુ શરૂ કરઆત કરવી હવે અનિવાર્ય છે. દેશમાં કોરોનાના દર્દીઓની અસરકારક સારવાર પણ થઇ રહી છે. ત્યારે કોરોનાનો મૃત્યુદર પણ નહીંવત છે. આ સ્થિતિ વચ્ચે આર્યુવેદિક દવાઓ અને સામાન્ય ઘરેલુ ઉપચાર પણ કોરોના જેવી મહામારીને માત કરવા માટે અસરકારક પુરવાર થઇ રહ્યા હોવાનુ નગરના જાણીતા આર્યુવેદિક ડોકટર દિનેશચંદ્ર પંડયાએ જણાંવ્યુ છે.

ડો દિનેશ પંડયાએ આ અંગે જણાંવ્યુ હતુ કે કફ , વાત ,જવર આર્યુવેદમાં સામાન્ય રીતે પહેલા પણ આવા તાવ જોવા મળતા હતા. જેને આઠ પ્રકારના તાવ કહ્યા છે. કોરોના વાયરસનો કહેર વધ્યો છે. ત્યારે સરકારે પણ આર્યુવેદિક પધ્ધતિને અસરકારક માનીને દર્દીઓને આયુર્વેદની દવાઓ આપવા માટે છુટ આપી છે. જયારે સરકારી આંકડા મુજબ એ સિમ્ટોમેટીક દર્દીઓમાં આ દવાઓની અસરથી ૮૦ થી ૯૦ ટકાનો રીકવરી રેશિયો જોવા મળ્યો છે. દેશ દુનિયામાં અગાઉ પણ અનેક વાયરસ આવ્યા અને જતા રહ્યા છે. ત્યારે હાલ કોરોના વાયરસના લીધે ભય વધુ ફેલાયો છે. કોઇપણ પરિસ્થિતિમાં સાવધાન કે સચેત રહેવુ અનિવાર્ય છે. પરંતુ નોર્મલ જીવન જીવવુ એ પણ દરેકની અનિવાર્યતા છે. વર્ષ ૨૦૦૦ દરમિયાન ગાંધીનગરના આ આર્યવેદ નિષ્ણાંત ડો દિનેશચંદ્ર પંડયાને સરકારે પંચકર્મની સેવા માટે વિશેષ સન્માનિત કર્યા હતા. હાલ કોરોનાને અનુલક્ષીને પંચગવ્ય અલબત્ત ગૌમુત્ર, દુધ , દહીં ,ઘી અને ગાયના છાણમાંથી તૈયાર થતી દવાઓ પર પણ અસરકારક રીસર્ચ થયુ છે. જેમાં ડો ગોપાલ સુતરીયાની વાતને પણ તેમણે સમર્થન આપ્યુ હતુ. હીતેશ જાનીને યાદ કરીને તેમણે ગૌજીવાદી ક્વાથનો પણ ઉલ્લેખ કર્યો હતો. જળનૈતિની પ્રકીયા કરવાથી કયારેય કોરાના થતો નથી. જો કે જેમને આ પ્રકીયાનો અભ્યાસ આવડતો હોય તે જ કરી શકે છે. પરંતુ આ સિવાય પણ અન્ય ઘણા ઉપાયો કરવાથી કોરોના આપણાથી દુર રહે છે. અડધી ચમચી મીંઠુ , પા ચમચી હળદર, પા ચમચી સુંઠ એક ગ્લાસ ગરમ પાણીમાં ભેળવીને મોઢુ ખુલ્લુ કરીને આકાશ તરફ અલબત્ત ઉંચુ જોઇને મોઢુ ખુલ્લુ કરી દેવાથી ગળામાં કોરોના સામે રક્ષણ આપતુ લેયર બની જાય છે. જાહેર જગ્યાઓ પર વધુ જતા નાગરિકોએ સુવર્ણ વસંત માલિની દરરોજ સવારે એક ગોળી લેવી જોઇએ.ત્યારબાદ ૨૦ મિનિટ સુધી કાંઇ પણ લેવુ નહીં.

● અનુસંધાન પાન-૭ પર

કોરોનાથી બચવા માટે આટલુ કરો...

- સરકારની ગાઇડલાઇન ફોલો કરવી
- લાઇફ સ્ટાઇલ ચેન્જ કરો
- સવારે સૂર્યોદય પહેલા ઉઠો
- બપોરે ઉંઘ લેવાનુ ટાળો
- જમીને તરત સુવાનુ ટાળો, કફ વધે છે
- પચવામાં સરળ હળવો ખોરાક લો
- દહીં, છાશ, આઇસ્ક્રીમ, કોલ્ડ્રીંકસ, મીઠાઇ ઠંડુ પાણી અને જંકફુડ , ફાસ્ટફુડ ન ખાવ



શહેરમાં વધુ ૨ અને ગ્રામ્યમાં ૨ કેસ

કલોલ-દહેગામમાંથી એક-એક કેસ અને શહેરમાં સેક્ટર-૧૩ અને સેક્ટર-૨૪માંથી એક-એક કેસ નોંધાયો : જિલ્લામાં અત્યાર સુધીમાં ૨૬૮૯ લોકના ટેસ્ટ કરવામાં આવ્યા

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે વધુ બે કેસ કોરોના પોઝીટીવના મળ્યા છે. આજે મળેલા બન્ને કેસના દર્દીઓની આયુ લગભગ સમાન જોવા મળી છે. બન્ને દર્દી કલોલ અને દહેગામ તાલુકામાંથી મળ્યા છે.

મળતી વિગતો પ્રમાણે દહેગામ તાલુકાના લવાડ ગામેથી એક વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ વૃદ્ધના ત્યાં મુંબઈ સ્થિત તેમના પરિવારના સભ્યો આવ્યા હોવાનું જાણવા મળેલ છે. આ દર્દીને હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

તંત્રએ પરિવારના સભ્યો અને તેમના સંપર્કમાં આવેલ વ્યક્તીઓને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

જિલ્લાના આરોગ્ય અધિકારી ડૉ. મનુભાઈ સોલંકી,

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં વધુ બે કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેરમાંથી આજે મોડીરાત્રે વધુ બે કેસ મળી આવ્યા છે. જેમાં સેક્ટર-૨૪ ઈન્દિરાનગર વિસ્તારમાંથી અને બીજો સેક્ટર-૧૩ના છાપરામાંથી આ કેસ મળ્યા હોવાનું જાણવા મળેલ છે. આ બંને મહિલા દર્દી હોવાનું પણ જાણવા મળેલ છે.

જિલ્લામાં આજે એક જ દિવસમાં એક સાથે ૧૪ દર્દીઓ રિકવર થતાં રજા અપાઈ

શહેરમાં પાંચ સેક્ટરોમાં હાલ એક પણ કેસ એક્ટીવ નથી : સે. ૩-એ-ન્યુ, સે. ૫, સે. ૮, સે. ૧૭, સે. ૨૩ અને સે. ૨૯માં હવે એકપણ એક્ટિવ કેસ નથી

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લામાં આજે એક સાથે ૧૪ દર્દીઓ કોરોના મુક્ત થતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. એક જ દિવસમાં આજે સૌથી વધુ દર્દીઓને રજા આપવામાં આવી છે. મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરમાં નોંધાયેલા કેસો પૈકી આજે દસ દર્દીઓને રજા આપવામાં આવી છે જ્યારે ગ્રામ્ય વિસ્તારમાંથી ૪ દર્દીને રજા આપવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે શહેરમાં જે દસ દર્દીઓને રજા આપવામાં આવી છે તેમાં ૫ મહિલા દર્દી અને પાંચ પુરૂષ દર્દીનો સમાવેશ થાય છે.

આજે સે. ૧૩ એ માં નોંધાયેલ પુરૂષ દર્દી, સે. ૨૧માં નોંધાયેલા ૨ પુરૂષ દર્દી અને ૧ મહિલા દર્દીને, સે. ૨૩ ના પુરૂષ દર્દીને, સે. ૨૪ માં ૧ પુરૂષ દર્દી અને ૩ મહિલા દર્દીને તથા સે. ૨૭ ના એક મહિલા દર્દીને આજે રજા આપવામાં આવી છે.

આજે રજા અપાયેલા દર્દીઓને હજુ ૧૪ દિવસ હોમ ક્વોરોન્ટાઈનમાં રહેવુ પડશે. મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે અત્યાર સુધી નોંધાયેલા ૮૮ દર્દી પૈકી ૬૪ દર્દીઓ રિકવર થતાં તેમને રજા આપવામાં આવી છે. હાલ ૨૩ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

આ સૂત્રોના જણાવ્યાનુસાર શહેરના જુદા જુદા ૨૧ જેટલા વિસ્તારોમાંથી આ કોરોનાના કેસો મળ્યા હતા જેમાંથી ૬ વિસ્તારોમાં હાલ એક પણ કેસ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ નથી.

આ વિસ્તારોમાં સે. ૩-એ-ન્યુ, સે. ૫, સે. ૮, સે. ૧૭, સે. ૨૩ અને સે. ૨૯ ના વિસ્તારોનો સમાવેશ થાય છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૪ દર્દીઓ રિકવર થતાં તેમને રજા આપવામાં આવી છે. તેમાં ૩ મહિલા દર્દી અને ૧ પુરૂષ દર્દીનો સમાવેશ થાય છે.

મળતી વિગતો પ્રમાણે દહેગામમાં જે આરોગ્ય કર્મી લેબ. ટેકનીશીયન સંક્રમિત થયો હતો તેને આજે સંપૂર્ણ રિકવર થતાં રજા આપવામાં આવી છે.

કયા સેક્ટરમાં કેટલા કેસ ?

સેક્ટર	કેસ	રિકવર
સેક્ટર-૨	૦૯	૦૭
સેક્ટર-૩	૧૦	૦૭
સેક્ટર-૩ન્યુ	૦૫	૦૫
સેક્ટર-૪/સી	૦૨	૦૧
સેક્ટર-૫	૦૧	૦૧
સેક્ટર-૬	૦૧	૦૦
સેક્ટર-૭	૦૪	૦૨
સેક્ટર-૮	૦૩	૦૩
સેક્ટર-૧૨	૦૩	૦૧
સેક્ટર-૧૩	૦૪	૦૨
સેક્ટર-૧૪	૦૧	૦૦
સેક્ટર-૧૭	૦૧	૦૧
સેક્ટર-૨૦	૦૧	૦૦
સેક્ટર-૨૧	૦૫	૦૩
સેક્ટર-૨૨	૦૩	૦૧
સેક્ટર-૨૩	૦૫	૦૫
સેક્ટર-૨૪	૧૯	૧૭
સેક્ટર-૨૭	૦૩	૦૧
સેક્ટર-૨૯	૦૭	૦૬
સેક્ટર-૩૦	૦૨	૦૧
ધોળાકુવા	૦૧	૦૦
કુલ	૯૦	૬૪

*(એક મૃત્યુ-સેક્ટર-૨૯)

સુજલામ સુફલામના કામોની સમીક્ષા કરતા કલેક્ટર

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લામાં સુજલામ સુફલામના ચાલી રહેલા કામોની જિલ્લા કલેક્ટર કુલદીપ આર્યએ સમીક્ષા કરી હતી.

જિલ્લામાં સુજલામ સુફલામ-૩ અંતર્ગત ૧૬૦ જેટલા કામો હાથ ધરવાનું આયોજન હતુ. જોકે હાલ ૨૧ જેટલા જ કામો ચાલુ થયા હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ૭૭ જેટલા તળાવો ઉંડા કરવાનું આયોજન કરવામાં આવ્યુ છે. લોકડાઉનની આ સ્થિતિમાં કામો શરૂ કરવામાં થયેલા વિલંબને લઈ કલેક્ટરશ્રીએ તે ઝડપથી શરૂ કરવામાં આવે તેના પર ખાસ ભાર મુક્યો હતો.

જિલ્લાતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આગામી સપ્તાહે વધુ એકવાર આ અંગેની સમીક્ષા બેઠક યોજવામાં આવનાર છે.

શહેરના સેકટરોમાં સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતા નાગરિકોમાં ભયની લાગણી

સેક્ટરોના રહેણાંક વિસ્તારમાં કોમન ચોકમાં ઘોર અંધારુ : લોકડાઉન અને કરફ્યુમાં સ્ટ્રીટ લાઇટો પણ ડુલ રહેતા નાગિરકોમાં આક્રોશ

ગાંધીનગર તા ૨૮

શહેરના કેટલાક સેકટરોમાં સાંજ ઢળતા જ કરફયુના અમલની સાથે અંધારપટ્ટ છવાઈ જાય છે. સેકટરોમાં સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતા રહેણાંક વિસ્તારમાં પણ ઘોર અંધારુ છવાઈ જતા નાગરિકોમાં ભયની લાગણી વ્યાપી છે. સેકટરોમાં સ્ટ્રીટલાઈટોની ફરિયાદો ડામવા માટે તંત્રએ સર્વે હાથ ધરવાની અનિવાર્યતા છે.

શહેરના સેકટરોમાં સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતા સાંજ ઢળતા જ સેકટરોમાં વેરાન જંગલ જેવુ અંધારુ છવાઈ જાય છે. સેકટરોમાં લોકડાઉન અને કરફયુની અસર વચ્ચે આમ પણ સાંજ પડતા જ સન્નાટો છવાઈ જાય છે ત્યારે સેકટરોમાં સ્ટ્રીટ લાઈટો પણ ડુલ રહેતા નાગરિકોમાં ભયની લાગણી વ્યાપી છે. નવા અને જુના સેકટરોમાં કેટલાક વિસ્તારમાં એક પણ સ્ટ્રીટ લાઈટ ચાલુ હોતી નથી જેના લીધે રાત્રિના સમયે સેકટરોના કોમન ચોક તેમજ રીંગ રોડ પર અંધારાનુ સામ્રાજય જોવા મળી રહ્યુ છે. બપોરની આકરી ગરમીમાં બહાર ડોકીયુ કરવાનુ ટાળતા નાગરિકો રાત્રિના સમયે અંધારામાં પણ ઘરની બહાર નિકળતા નથી હાલ આમ પણ સાંજના ૭ થી સવારના ૭ વાગ્યા સુધી કરફયુ જાહેર કરાયો છે. પરંતુ રાત્રિના સમયે રહેણાંક વિસ્તારમાં લાઈડો ડુલ રહેતા નાગરિકોને ભય સતાવી રહ્યો છે. બીજીતરફ અંધારપટ્ટની સ્થિતિ વચ્ચે નાગિરકોને સલામતીના મુદ્દે પણ સવાલો મંડરાઈ રહ્યા છે. સે-૩ સી માં પણ રહેણાંક વિસ્તારના કોમન ચોકમાં સ્ટ્રીટ લાઈટો વારંવાર ડુલ રહે છે. હાલ પણ સેકટરમાં અંધારપટ્ટ છે.

● અનુસંધાન પાન-૭ પર

... મારું ચોમાસું ક્યાંક આસપાસ છે. આ પંક્તિ ગણગણવાનું મન થાય એવું વાતાવરણ આજકાલ સર્જાયું છે. સવારે તો આકાશમાં ઘણા બધા વાદળ છવાઈ ગયા હતા. સાથે જ ધીમો ધીમો ઠંડો પવન ફુંકાતા વાતાવરણ આહલાદક અને અદભૂત બની ગયું હતું. ઉનાળો તેની ચરમસીમાએ છે અને થોડા દિવસો પછી ચોમાસું શરુ થવાનું છે ત્યારે આકાશમાં છવાઈ જતાં વાદળો વરસાદના આગમનના સંકેતો આપી રહ્યા છે.

કોરોના ખબર

- અમદાવાદ શહેર ભાજપ પ્રમુખ અને ધારાસભ્ય જગદીશ પંચાલને કોરોના પોઝીટી.
- નિકોલના પીએસઆઈ કે.વી. હડીયાનો રીપોર્ટ પોઝીટીવ આવ્યો
- અમદાવાદ મેડિકલ એસોસીએશનને ડૉક્ટરોના કોરોના ટેસ્ટ નહી કરાતા હાઈકોર્ટમાં રીટ કરી. આવતીકાલે ઓનલાઈન સુનાવણી થશે.
- રાજયમાં લોકડાઉનના પગલે બંધ થયેલી વાઈન શોપ અન્ય ધંધાની જેમ તાકીદે ચાલુ કરવા રાજકોટના ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખે માંગણી કરી.

દુઃખદ અવસાન

અમારા પૂજય માતૃશ્રી **સરલાબેન કનૈયાલાલ મહેતા** તા. ૨૭/૫/૨૦૨૦ના રોજ દેવલોક પામ્યા છે.

વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સદ્ગતનું બેસણું / લૌકિક ક્રિયા રાખેલ નથી.

લી.

દિપકકુમાર કનૈયાલાલ મહેતા
રેખા દિપકકુમાર મહેતા
મેઘ દિપકકુમાર મહેતા
સ્તુતિ મેઘ મહેતા
આરતી ભરતકુમાર શુક્લા
હર્ષા ધિમંતકુમાર ત્રિવેદી
જયશ્રી સુનિલકુમાર શાહ
રૂપલ મહિમનકુમાર બધેકા
સોનલ ઉશીરકુમાર શાહ

સ્મરણ વંદન



શ્રી પરમ પૂજય ચૂંદડીવાળા માતાજી

હવે, આપ સ્વધામ પધાર્યા છો,
ત્યારે , આપનું સાનિધ્ય અમારા સ્મરણપટ પર
ચિરંજીવ બીન રહેશે....
અને આજ આપના આશીર્વાદ અમારા માટે
પ્રેરક અને પુરક બની રહેશે....
આપના પાવન આત્માનેપ આપના ભક્તજનોના
શત્ શત્ પ્રમાણ

રતનસિંહ વાઘેલા (લોક ગાયક) પેથાપુર
વિનોદકુમાર એ સોની
રમેશભાઈ પ્રજાપતિ (ભાણાભાઈ - લોક ગાયક પેથાપુર)
ઉજ્જવલકુમાર વ્યાસ
ઉત્તમકુમાર એ સોની (આશા જવેલર્સ - ગાંધીનગર)
સોની અમરતલાલ ઘાસીરામ પરિવાર - પેથાપુર
વાઘેલા રતનસિંહ ભવાનસિંહ પરિવાર - પેથાપુર
જય અંબે.....
જય શ્રી ચૂંદડીવાળા માતાજી

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

હાઈકોર્ટમાં કોરોના વાયરસ સંદર્ભે સુનાવણી કરતી ખંડપીઠમાં ફેરફાર

કોરોના વાયરસ વિશે સરકારને સવાલ કર્યા બાદ ફેરફાર : પારડીવાળાને બદલે ચીફ જસ્ટિસ કોરોના મામલે વધુ સુનાવણી હાથ ધરશે

અમદાવાદ, તા. ૨૮

રાજયમાં કોવિડ-૧૯ની સ્થિતિ અને સિવિલ હોસ્પિટલને લગતી અગત્યની પીઆઈએલ અને સુઓ મોટોની સુનાવણી કરતી ગુજરાત હાઈકોર્ટની ખંડપીઠમાં ફેરફાર કરવામાં આવ્યો છે. નવા ન્યાયાધીશો તરીકે ચીફ જસ્ટિસ વિક્રમનાથ અને જસ્ટિસ પારડીવાલાનો સમાવેશ કરવામાં આવ્યો છે. નોંધનીય છે કે આ બેન્ચમાં પહેલા જસ્ટિસ પારડીવાલા અને જસ્ટિસ ઈલેશ વોરાનો સમાવેશ થતો હતો જ્યારે હવે જસ્ટિસ ઈલેશ વોરાને બદલે ચીફ જસ્ટિસ વિક્રમનાથનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત એક વિશિષ્ટ એરેજમેન્ટ કરવામાં આવી છે જે અંતર્ગત કોરોના સંકટમાં તાત્કાલિક લેવી પડે એવી મેટર માટે ન્યાયાધીશોની ખંડપીઠ બનાવવામાં આવી છે.

આ પ્રમાણે સિવિલ અને ક્રિમિનલ મેટર માટે બે ડિવિઝન બેન્ચ બનાવવામાં આવી છે. જેમાંથી એક બેન્ચમાં ચીફ જસ્ટિસ વિક્રમનાથ અને જસ્ટિસ પારડીવાલાનો અને બીજી બેન્ચમાં જસ્ટિસ આર. એમ. છાયાનો અને જસ્ટિસ ઈલેશ વોરાનો સમાવેશ થાય છે. આ સિવાય સિવિલ અને ક્રિમિનિલ મેટર માટે સિંગલ બેન્ચ મેટર્સમાં જસ્ટિસ સોનિયા ગોકાણી, જસ્ટિસ આર. પી. ઢોલરિયા, જસ્ટિસ વિપુલ પંચોલી, જસ્ટિસ એ. જે. શાસ્ત્રી, જસ્ટિસ બી. એન. કારિયા અને જસ્ટિસ સંગીતા વિશેનનો સમાવેશ થાય છે. મહત્ત્વનું છે કે, અગાઉ જસ્ટિસ પારડીવાલા અને જસ્ટિસ ઈલેશ વોરાની બેન્ચ હતી જેમાં સિનિયર જજ તરીકે પારડીવાલા હતાં. આવામાં હવે ચીફ જસ્ટિસ વિક્રમનાથના વડપણ હેઠળ જસ્ટિસ પારડીવાળા બેન્ચમાં કામગીરી કરશે.

ઉલ્લેખનીય છે કે, થોડા દિવસ અગાઉ ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સરકારને કોરોના સંકટની કામગીરીમાં બેદરકારી મુદ્દે ફટકારી હતી. હાઈકોર્ટના જજ જે. બી. પારડીવાલા અને જજ ઈલેશ વોરાની સંયુક્ત બેન્ચ રાજ્ય સરકાર વિરુદ્ધની પિટિશન પર સુનાવણી કરી રહી છે. હાઈકોર્ટની સંયુક્ત જજની આ બેન્ચે રાજ્ય સરકારને વિવિધ મુદ્દે ઉધડો લીધો હતો. આ ઉપરાંત જજે અમદાવાદ સિવિલ હોસ્પિટલની જાત મુલાકાત લેવાની વાત કરી છે. જો કે હજુ સુધી જજ હોસ્પિટલની મુલાકાતે ગયા નથી.

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com